### પ્રાંતિજના લાલપુરમાં સ્થાનિકોએ કોરોનાનાં નિયમો નેવે મુકીને હવન કર્યો

# યજ્ઞમાં ૧૦૦ કરતા વધારે લોકો ઉમટ્યા, ૫૮ની ધરપકડ, ૧૦૦ વિરુદ્ધ જાહેરનામાં ભંગ ફરિયાદ

## કોરોના મહામારીમાં વધતા જતા સંક્રમણની વચ્ચે સુરક્ષા માટે હવન કરવામાં આવ્યું હતો

હિંમતનગર, તા.૨૫ ચીનના વુહાન શહેરમાંથી ઉદ્ભવેલો અને વિશ્વભરમાં મહામારીને ડામવા અને તેની સામે રક્ષણ મેળવવા માટે માસ્ક સાથે સોશિયલ ડિસ્ટન્સિંગ " દો ગજ નેવે મુકીને ૧૦૦ કરતાં વધુ લોકો એ મોટી સંખ્યામાં એકઠા થઈને હવન કર્યો હતો હવન કોરોનાથી રક્ષણ મેળવવા માટે કોરોનાનાં નિયમો (Corona Guidelines)ને નેવે મુકીને હવન જાહેરનામાના ભંગ સાથે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હોવાની વાત પોલીસને મળતા





હાહાકાર મચાવી દેનાર કોરોના મહામારીની અત્યંત ઘાતક નીવડેલી બીજી લહેર દરમિયાન વધતાં જતાં વચ્ચે કોરોના કી દોરી " જાળવી રાખવુ જરૂરી છે ત્યારે કોરોના મહામારીમાં આ મુખ્ય નિયમોનો જ છેદ ઉડાડીને પ્રાંતિજ તાલુકાના લાલપુર ખાતે સ્થાનિકોએ કોરોના સામે રક્ષણ મેળવવા માટે કોરોનાનાં નિયમો બચવા માટે હતો પરંતુ ભેગી થયેલી જનમેદની કોરોનાને સીધુ આમંત્રણ આપનારી હતી.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના લાલપુરમાં સ્થાનિકોએ કોરોના મહામારીમાં કોરોના સામે કર્યો હતો. અને આ હવનમાં મોટી સંખ્યામાં ૧૦૦ કરતા વધારે લોકો ભેગા થયા હતા. આ લોકોએ મોટી સંખ્યામાં એકઠા થઈને ઢોલ ત્રાંસા વગાડ્યા હતા. જિલ્લા કલેક્ટર દ્વારા બહાર પાડવામાં આવેલા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ૧૦૦થી વધુ લોકો સામે જિલ્લા કલેક્ટરના જાહેરનામાના ભંગ અંતર્ગત ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી તેમજ ૫૮ લોકોની ધરપકડ કરી લીધી હતી.

## જન્મદિને વધામણી



તુલસી મુકેશભાઈ થોરી
વાંટડા, તા.બાયડ



મૈત્ર નિલેશકુમાર પ્રજાપતિ
બાયડ



ડૉ.અંકુર એમ. પટેલ
(સ્પાઈન કેર હોસ્પિટલ-હિંમતનગર)
હિંમતનગર(ડેમાઈ)



મયંકભાઈ મનુભાઈ પટેલ
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



આર. ડી. પટેલ
(બોર્ડ સભ્ય : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ)
લુણાવાડા, જિ.મહિસાગર



રાજન જે. જોષી
(વ્રજભૂમિ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

### સરકારી નાણાની ઉચાપત

# સાબરકાંઠા જીલ્લા આયોજન શાખાના ત્રણ અધિકારી ૯૭ લાખની ઉચાપત કરતાં પોલીસ ફરિયાદ

**સત્તાનો દુરુપયોગ કરી સરકારી નાણાંની ઉચાપત કરનાર અધિકારીઓ ભૂગર્ભમાં ઉતરી જતા પોલીસે ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા : જિલ્લા કલેક્ટરની કચેરી સહિત જિલ્લાભરના સરકારી બાબુઓમાં હડકંપ**

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના વડામથક હિંમતનગરની કલેક્ટર કચેરીમાં જિલ્લા આયોજન શાખામાં વર્ષ ૨૦૧૮-૨૦ દરમ્યાન જિલ્લા આયોજન અધિકારી તરીકે, ફરજ બજાવતા વર્ગ -૧ના પરેશકુમાર રસિકલાલ જોષી , તત્કાલીન કરાર આધારીત સંશોધન અધિકારી રોશની દશરથભાઈ પટેલ , તત્કાલીન સીનીયર કોચ વર્ગ ૨ સુરજી ભાઈ બાબુભાઈ ડામોર તથા એસ.કે ઈલેક્ટ્રિકલ એજન્સીના પ્રોપરાઈટર પાર્થ રજનીકાંત પટેલ સહિત અધિકારીઓ દ્વારા અધધ... ૯૭ લાખની ઉચાપત આચર્યાનુ સામે આવ્યુ છે. જેને લઈને જિલ્લા કલેકટરની કચેરી સહિત સરકારી બાબુઓમાં હડકંપ મચી જવા પામ્યો છે તેમજ ઉપરોક્ત મામલે હિંમતનગર શહેરના બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં, વર્તમાન આયોજન અધિકારીએ ફરીયાદ નોંધાવતા મામલો સામે આવ્યો છે. પોલીસે આયોજન અધિકારી ઉપરાંત સંશોધન અધિકારી અને સિનીયર કોચ સહિત ચાર શખ્શો સામે ફરિયાદ દાખલ કરી છે.

સાબરકાંઠા જીલ્લાની કલેકટર કચેરીમાં આવેલી જિલ્લા આયોજન શાખામાં ફરજ બજાવતા પરેશ કુમાર રસિકલાલ જોશી ફરજ કાર્યકાળ દરમ્યાન તેમની કાર્યરીતિથી હંમેશા વિવાદોમાં જ રહ્યા હતા. તેઓ સામે વિરોધ વંટોળ પણ ધારાસભ્ય દ્વારા સંકલન સમિતિની બેઠકમાં ઉભો થવા પામ્યો હતો. ગ્રાન્ટ ને લઈને જ તેમની સામે વિવાદ થયો હતો અને આખરે પાપનો ઘડો ભરાઈ જતા ભ્રષ્ટ અધિકારી સામે હવે ગ્રાન્ટ માંથી ઉચાપતની ફરિયાદ નોંધાવવા પામી છે. પૂર્વ આયોજિત કાવતરું રચીને સત્તાનો દુરુપયોગ કરી ખોટા દસ્તાવેજો ઉભા કરી સરકારી નાણાં સરકારી કામકાજ અર્થે ઉપયોગમાં નહીં લઈ સરકારી નાણાની ઉચાપત અંતર્ગત પરેશ કુમાર રસિકલાલ જોશી, સંશોધન અધિકારી રોશની દશરથભાઈ પટેલ અને સિનીયર કોચ સૂરજીભાઈ કુબાભાઈ ડામોર મળીને ઉચાપત આચર્યાનુ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

ઉપરોક્ત સમગ્ર પ્રકરણ અંગે હિંમતનગર બી ડીવીઝન પોલીસ મથકે નોંધાયેલી ફરીયાદ અનુસાર તત્કાલીન સિનિયર કોચ સુરજીભાઈ કુબાભાઈ ડામોર દ્વારા ખાનગી બેંકમાં ખાતુ ખોલી ન શકાય એમ છતાં પણ તેઓએ ખાનગી બેંકમાં ખાતુ ખોલાવી દીધુ હતુ. આરબીએલ બેક્રમાં ખાતુ ખોલાવી સાંસદ ફંડ અને રાષ્ટ્રીય પર્વ ઉજવણી ગ્રાન્ટ મળીને અધધ ... ૯૭, ૦૦,૦૦૦/- લાખ રુપિયાની રકમ ટ્રાન્સફર કરી હતી. જે માટે આયોજન અધિકારી પરેશ કુમાર રસિકલાલ જોષી અને રોશની દશરથભાઈ પટેલે સહીઓ કરીને ખાનગી બેંકમાં રકમ જમા કરી હતી. જિલ્લા આયોજન શાખાના ત્રણેય ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા ખોટી રીતે ૯૦,૦૦,૦૦૦/- લાખની મોટી રકમને ખાનગી બેક્રના ખાતામાંથી એસ.કે ઈલેકટ્રીકલ એજન્સી ના માલિક પાર્થ રજનીકાંત પટેલ ના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા.

જેને લઈને જિલ્લા આયોજન અધિકારી અજયભાઈ ઉત્તમલાલ પંચોલીએ હિંમતનગર બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોધી ભુગર્ભમાં ઉતરી ગયેલા ફરાર આરોપીઓની શોધવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે જોકે પોલીસ તપાસ દરમિયાન હજુ પણ સમગ્ર પ્રકરણમાં વધુ આરોપીઓના નામ બહાર આવી તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે તેમજ સત્તાનો ખોટા દસ્તાવેજો ઉભા કરી અધધધ કહી શકાય તેવી મસમોટી ૯૭,૦૦,૦૦૦/- લાખની રકમ કોની પાસે કેટલા પ્રમાણમાં ગઈ અને તે પૈસા કયા કયા બહાને ટ્રાન્સફર કરાયા તે વિગતો પણ બહાર આવવાની પ્રાબળ શક્યતાઓ રહેલી છે

### વિશ્વમાં લાંબા વાળ ધરાવતી

# નિલાંશીએ પોતાની પહેલી કમાણી કોવીડ હોસ્પીટલ અને રામમંદિરમાં આપી

## નિલાંશીના લાંબા વાળ અમેરિકાના મ્યુઝિયમમાં



મોડાસાની નિલાંશી પટેલ સૌથી આખા વિશ્વમાં સૌથી લાંબા વાળ ધરાવતી હતી. નિલાંશીએ ૨૦૧૮માં ઈટલીના રોમ ખાતે ૧૭૦.૫ સે.મી લાંબા વાળ સાથે ગિનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યા પછી સતત બીજા વર્ષે પોતાનો જ રેકોર્ડ તોડી ૧૯૦ સે.મી. લાંબા વાળ સાથે સતત બીજા વર્ષે લોન્ગેસ્ટ હેયર ટીનેજરનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો તેમજ ત્રીજા વર્ષે એટલે કે ૨૦૨૦માં પણ લાંબા વાળમાં દબદબો યથાવત રાખતા ૨૦૦ સે.મી લાંબા વાળ સાથે નવો ગીનીશ વર્લ્ડ રેકોર્ડ બુકમાં સ્થાન મેળવ્યું હતું સૌથી લાંબા વાળની વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર નિલાંશીના વાળ અમેરિકાના પ્રસિદ્ધ ‘Ripley Believe it or not’ નામના હોલિવૂડ મ્યુઝિયમમાં મુકવામાં આવ્યા છે.

મોડાસાના સાયરા ગામની નિલાંશી પટેલ પોતાના લાંબા વાળના લીધે ગિનીસ બુકમાં સ્થાન ધરાવે છે ત્યારે નિલાંશી પટેલએ પોતાના જીવનની પહેલી કમાણી રામમંદિર અને કોવિડ હોસ્પિટલમાં આપી સમાજમાં એક નવો રાહ ચિંધ્યો છે . સાયરા ગામની નિલાંશીએ લાંબા વાળ માટે પોતાનો જ રેકોર્ડ ત્રણ વાર તોડ્યો છે ત્યારે નિલાંશીને વાળની જાહેરાત માટે ઘણી ઓફરો આવતી હતી પરંતુ મેક ઈન ઈન્ડિયાના પ્રોજેકટ અંતર્ગત પોતાની બનાવટનું હેર ઓઈલ બનાવવાનું ચાલુ કરી પોતાના જીવનની પહેલી કમાણીના ભાગરૂપે નિલાંશીએ રામમંદિર અને કોરોના મહામારીમાં લોકોને સારી સારવાર મળી રહે તે હેતુએ એકાવન હજાર રૂપિયા જેટલી રકમ દાન સ્વરુપે આપી યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બની છે.

નિલાંશીના લાંબા વાળ હાલમાં જ અમેરિકાના ગીનીસ વર્લ્ડ રેકોર્ડ મ્યુઝિયમમાં મુકવામાં આવ્યા છે તો બીજીબાજુ નિલાંશીની મમ્મી કામિનીબેને પણ પોતાના વાળ નું કેન્સર પિડીત દર્દીઓ માટે દાન આપેલ છે . હાલના સમયમાં જયારે નવી પેઢી સંસ્કૃતિથી વિમુખ થઈ રહી છે ત્યારે માત્ર અઢાર વર્ષની ઉંમરે પોતાની જિંદગી ની પહેલી કમાણી રામમંદિર અને જરૂરિયાતમંદોને સારવાર મળી રહે તે હેતુએ દાન આપી નિલાંશીએ સમાજમાં એક ઉતમ ઉદાહરણ પુરુ પાડ્યું છે ત્યારે નિલાંશીના આ પ્રેરણા સ્વરૂપ કામને જિલ્લાવાસીઓએ વધાવીને અભિનંદન પાઠવ્યા હતા.

### નિલાંશીએ પોતાની જ રોલ મોડલ માતાને કેન્સરગ્રસ્ત લોકો માટે પોતાના વાળ ડોનેટ કરવાની પ્રેરણા પૂરી પાડી



વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર સાયરા ગામની વતની અને મોડાસા ખાતે રહેતી નિલાંશી પટેલે પોતાના સુંદર વાળ અમેરિકાના મ્યુઝિયમમાં ડોનેટ કરી અનેક સ્ત્રીઓ માટે પ્રેરણાસ્ત્રોત બની છે. એટલું જ નહીં, મોડાસાની નિલાંશી પટેલે પોતાની જ રોલ મોડલ માતાને કેન્સરગ્રસ્ત લોકો માટે પોતાના વાળ ડોનેટ કરવાની પ્રેરણા પૂરી પાડી પીડિતો માટે જીવન જીવવા નવો જ દોરીસંચાર કર્યો છે.

### સૌથી વધુ વાળ ધરાવતી ટીનેજરનો રેકોર્ડ કર્યો



અરવલ્લીના સાયરા ગામનાં વતની અને મોડાસા ખાતે રહેતાં શિક્ષક દંપતી બ્રિજેશ પટેલ અને કામિની પટેલની પુત્રી નિલાંશી પટેલે ૧ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ વિશ્વમાં સૌથી વધુ લાંબા વાળ ધરાવતી ટીનેજર તરીકે બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નામ નોંધાવી વૈશ્વિક ફલક પર અરવલ્લીનું નામ ગુંજતું કર્યું હતું. આ યુવતી ફરી એકવાર પોતાના વાળને લઈ ચર્ચામાં આવી છે. નિલાંશી પટેલે લાંબા વાળની ઈચ્છા રાખતી મહિલાઓની પથદર્શક બની પોતાના વાળ અમેરિકાના રિપ્લાયસ્ બિલિવ ઈટ ઓર નોટ હોલિવૂડ મ્યુઝિયમમાં મૂકવા જઈ રહી છે.

### એક માત્ર ભારતીય

૧૮ વર્ષથી નીચેની ઉંમરે ૨૦૧૮ અને ૨૦૧૯ એમ સતત બે વર્ષ સુંધી પોતાનું નામ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાવનાર નિલાંશી એક માત્ર ભારતીય હતી લાંબા વાળનો રેકોર્ડ દર વર્ષે અલગ અલગ દેશોના નામે હોય છે,પરંતુ લોન્ગેસ્ટ ઓફ હેયર ટીનેજર્સમાં નિલાંશીએ ભારતનો ડંકો વગાડ્યો છે.

### બોર્ડ પરીક્ષાની આતૂરતાનો અંત

# ઉત્તર ગુજરાતમાં ૧ જુલાઈથી ધો.૧૨ બોર્ડ પરીક્ષા યોજાશે

## વિજ્ઞાન પ્રવાહમાં ભાગ-૧, ૨માં ૫૦-૫૦ ગુણ, સામાન્ય પ્રવાહમાં ૧૦૦ ગુણની વર્ણાત્મક પરીક્ષા : પાંચ જિલ્લાના ૮૫,૦૦૦થી વધુ છાત્રો પરીક્ષા આપશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

ધો.૧૦ બોર્ડ પરીક્ષામાં માસ પ્રમોશન પછી ધો.૧૨ બોર્ડ પરીક્ષા ક્યારે યોજાશે..?? તેની ઉત્સુક્તાનો અંત આવ્યો છે. ધો.૧૨ બોર્ડ પરીક્ષા તા.૧ જુલાઈ-૨૦૨૧ યોજાશે જેમાં રાજ્યના ૬,૮૩,૦૦૦થી વધુ છાત્રો અને ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૮૫,૦૦૦થી વધુ છાત્રો પરીક્ષા આપશે. બોર્ડ પરીક્ષા દરમ્યાન કોરોના સંક્રમણ નિયંત્રણ ગાઈડલાઈન્સ એસ.ઓ.પી.ના ચૂસ્ત પાલન સાથે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. વિજ્ઞાન પ્રવાહ ભાગ-૧માં ૫૦ ગુણના બહુ વિકલ્પ પદ્ધતિ અને ભાગ-૨ માં વર્ણાત્મક લેખિત સ્વરૂપની ૫૦ ગુણની પરીક્ષા એમ ૩ કલાકની પરીક્ષા યોજાશે જેમાં સામાન્ય પ્રવાહમાં પ્રસ્થાપિત પ્રણાલી મુજબ ૧૦૦ ગુણની વર્ણાત્મક લેખિત પરીક્ષા યોજાશે.

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓની છેલ્લા ૪ મહિનાથી ઉંઘ હરામ થઈ ગઈ હતી. તેમાંય તાજેતરમાં ધો.૧૦માં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાયા પછી ધો.૧૨ ના વિદ્યાર્થીઓની મહત્વની બોર્ડ પરીક્ષાનું શું થશે..?? તેને લઈને અનેક અવઢવ ચાલતી હતી. પરંતુ રાજયના શિક્ષણ મંત્રીએ તા.૧ જુલાઈના રોજથી બોર્ડ પરીક્ષા યોજવાની જાહેરાત કરી છે. વિદ્યાર્થીઓને પોતાની શાળા નજીક પરીક્ષા કેન્દ્રો મળી રહે, દૂરના અંતરે પરીક્ષા આપવા ન જવું પડે તે માટે વધુ પરીક્ષા કેન્દ્રો શરૂ કરાશે.

કોરોના સબંધિત કે અન્ય કારણોસર પરીક્ષામાં ગેરહાજર રહેનાર વિદ્યાર્થી માટે મૂળ પરીક્ષાના ૨૫ દિવસ પછી તમામ વિષયોની નવેસરથી નવા પ્રશ્નપત્ર અને નવા સમય સાથે પરીક્ષા યોજવાની પણ જાહેરાત કરાઈ છે. દરેક વર્ગખંડમાં વધુમાં વધુ ૨૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી શકે અને સોશ્યલ ડિસ્ટન્સ, ફરજીયાત માસ્ક તેમજ સેનેટાઈઝર સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવા ઉપર ભાર મૂક્યો છે. ઉત્તર ગુજરાતમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૨૨,૦૦૦થી વધુ અને સામાન્ય પ્રવાહમાં ૬૩,૦૦૦થી વધુ છાત્રો પરીક્ષા આપવાના છે. તમામ પરીક્ષા કેન્દ્રો સી.સી.ટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવશે.

# ભિલોડામાં પોલીસ ઉપર પથ્થરમારો કરનારા મુખ્ય આરોપી હજુ ફરાર પણ અન્ય ૯ ઝડપાયા

## પોલીસે પકડ્યા કે પછી આરોપીઓ જાતે હાજર થયા..?? ચર્ચાતો સવાલ

ભિલોડાના નવી વસવાટ વિસ્તારમાં પોલીસ ઉપર પથ્થરમારો કરી બે પોલીસ કર્મચારીઓને ઘાયલ કરવામાં આવતાં જિલ્લાભરની પોલીસ દોડતી થઈ હતી. ઘટના સમયે ૯ આરોપી પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયા છે. પોલીસની તપાસમાં અન્ય આરોપીઓના નામ ખુલતાં ગત રોજ વધુ ૯ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. ફરાર આરોપીઓ ઝડપાયા નથી અને પોલીસ દફતરે તપાસમાં નામ ખુલવાથી આરોપીઓ ઝડપ્યાની વિગતોએ અનેક સવાલ ઉભા કર્યા છે.

અરવલ્લી જિલ્લામાં પોલીસ ઉપર હુમલા કરવાની એક પછી એક ઘટનાઓ છતાં ખાખી વર્દીએ ગુમાવેલી ધાક પરત મેળવવાનો કોઈ પ્રયાસ કર્યો નથી જેથી કાયદો વ્યવસ્થા જાળવવા જતાં ખુદ પોલીસ માર ખાતી હોય છે. ભિલોડાના નવી વસવાટ વિસ્તારમાં સગાઈ મુદ્દે બે જુથો વચ્ચે મામલો તંગ બની ગયો હતો જેથી રાત્રે પોલીસની ટીમો સરકારી અને ખાનગી વાહનમાં ત્યાં પહોંચી હતી. બંન્ને પક્ષે સમજાવીને પોલીસ સૂલેહ શાંતિ કરાવે તે અગાઉ જ પોલીસના વાહન જોઈ ઉશ્કેરાઈ ગયેલા ટોળાએ પોલીસ ટીમો ઉપર અંધાધૂંધ પથ્થરમારો કરતાં સનસનાટી મચી હતી. મામલો બિચકે તેવું જણાતાં અન્ય પોલીસ સ્ટાફ સ્થળ ઉપર બોલાવી લેવામાં આવ્યો હતો અને જે તે સમયે ૧૧ આરોપીઓને પોલીસે દબોચી લીધા હતા પરંતુ ૯ આરોપી અંધારામાં ફરાર થઈ જતાં પોલીસ દફતરે વોન્ટેડ બતાવવામાં આવ્યા હતા પરંતુ પથ્થરમારામાં સામેલ કહેવાતા મુખ્ય આરોપીઓને પોલીસ હજુ સુધી શોધી શકી નથી પરંતુ ગત રોજ આશ્ચર્ય વચ્ચે તપાસ દરમ્યાન વધુ નામ ખુલવાના કારણે પોલીસે અન્ય ૯ આરોપીઓની અટકાયત કરી છે. પોલીસ ઉપર ગંભીર હુમલો કરનારા આરોપીઓને લૉકઅપમાં ધકેલવા માટે પોલીસને ખાસ્સી મહેનત કરવી પડશે તેવું લાગતું હતું પરંતુ બનાવના દિવસે ૧૧ આરોપીની અટકાયત અને ત્યારબાદ ૯ આરોપી ફરાર બતાવવાની સાથે ગત રોજ તપાસમાં ખૂલેલા નામના આધારે વધુ ૯ આરોપીઓની અટકાયતે અનેક સવાલ ઉભા કર્યા છે.

# પ્રાંતિજ ખાતે ગેરકાયદેસર રીતે જમીન કબજે કરાતા પોલીસ ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગેરકાયદેસર રીતે જમીનનો કબજે કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા પ્રાંતિજના ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ. પ્રાંતિજ ખાતે જમીન ધરાવતા હિમતનગરના ખેડુત કમલભાઈ બાબુલાલ જંગીલદાસ કહાર ઉ.વર્ષ-૭૫ રહે.૮૯ શાદાકુંજ સોસાયટી મોતીપુરા હિંમતનગર દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ જમીન ખાતા નંબર-૧૫૭ બ્લોક સર્વનં-૧૨૭ (જુનો બ્લોક સર્વ નં ૧૧૧૪)ની ખેતી લાયક જમીન ગોકુલભાઈ બાબુભાઈ કહાર રહે. પ્રાંતિજ કહાર વાસને વાવેતર કરવા તથા દેખરેખ સારસંભાળ માટે આપેલ હતી તે જમીન કામના આરોપી ગોકુલભાઈ બાબુભાઈ કહાર દ્વારા પોતાની માલીકીની નહી હોવાનુ જાણવા છતાંય ગેરકાયદેસર રીતે કબ્જે કરી ફરીયાદી જમીન માલિક કમલભાઈ કહારને જમીનમા પ્રવેશ નહી કરવાની ધમકીઓ આપી જમીનમાં વાવેતર કરી આજદિન સુધી કબજો જાળવી રાખી જમીન માલિક દ્વારા ફરિયાદ સાબરકાંઠા જિલ્લા કલેક્ટર કચેરી મા ગુજરાત જમીન પચાવી પાડવાનો અધિકારીએ ફરિયાદ દાખલ કરેલ છે. પોલીસ સ્ટેશનના પીઆઈ દ્વારા આઈપીસી કલમ-૫૦૪, લેન્ડ ગ્રેબીંગ એકટની મુજબ ગુનો નોધી નોધવામા આવ્યો હતો.

### દુઃખદ અવસાન



બાયડ : બાયડ તાલુકાના રડોદરા ગામના રાજુભાઈ પટેલ (ઉ. શિક્ષક : મોટાલાલપુર પ્રાથમિક શાળા)ના ભાઈ હિતેષભાઈ મણીભાઈ પટેલનું નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન સ્થિતિના કારણે બેસણું અને લૌકિક ક્રિયા સંપૂર્ણ બંધ રાખેલ છે માત્ર ટેલિફોનિક બેસણું તા.૨૭ મે., ગુરૂવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ રાખેલ છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧